# ભારતીય કિસાન સંઘ,ગુજરાત પ્રદેશ

**બલરામ મંદિર પરીસર**
**સેકટર–૧૨/ડી,ઘ–રોડ**
**ઉમીયા મંદિર સામે, ગાંધીનગર**
**ફોનઃ–૦૭૯ ૨૩૨ ૨૧૯૭૬ / ૨૩૨ ૨૪૯૧૬**

**Email-bksgujarat1985@gmail.com / Website-www.bksgujarat.org.in**


---

**અખબારી યાદી** **તાઃ૨૭/૭/૨૦૧૬**

- **ભારતીય કિસાન સંઘ દ્વારા દેશભરમાં ૧ કરોડ વૃક્ષારોપણ કરવાનું અભિયાન**
- **ગુજરાતમાં ૨૦ લાખ વૃક્ષો –ઉછેરવાના અભિયાનનો પ્રારંભ**

**ભારતીય કિસાન સંઘ,ગુજરાત પ્રદેશ ધ્વારા રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમના ભાગરૂપે ચાલુ સાલે દેશભરમાં બલરામ જયંતિની વિશિષ્ટ રીતે ઉજવણી કરવાના ઉદેશથી ૧ કરોડ વૃક્ષો લગાવવાનો સંકલ્પ રાષ્ટ્રીય કારોબારી એ કરતા ગુજરાતમાં ૨૦ લાખ વૃક્ષો ઉછેરવાની યોજના બનાવાઈ છે અને તેનો પ્રારંભ થઈ ચૂકયો છે.**

સમગ્ર વિશ્વનું પર્યાવરણ સર્વરીતે પ્રદૂષિત બન્યુ છે.અને ગ્લોબલ વોર્મિંગ ની સમસ્યાએ આજે ચિંતાનો વિષય બન્યો છે.અને સંપૂર્ણ કુદરતી રચના પણ વિચ્છેદ થઈ રહી છે ત્યારે તેની વધુ પ્રભાવી બન્યા છે.એવા સમયે કિસાનો પોતાનો આપદ ધર્મ સમજી છોડમાં રણછોડ ,વૃક્ષ વિના નહીં વરસાદ અને વૃક્ષો વાવો વરસાદ લાવો એવી ઉકતીઓને સાર્થક કરવા પ્રદેશ સ્તરથી તમામ જીલ્લાઓ માં વનખાતાની નર્સરીઓના સહયોગ થી ૨૦૦૦૦/– વૃક્ષો લગાવવાના કાયક્રમો ચાલી રહયા છે.જેમાં ચાલુ સાલે રાજય સરકાર ધ્વારા પ્રત્યેક ગામમાં ગતિશીલ ગુજરાત કાર્યક્રમ અન્વયે પણ ૨૦૦ વૃક્ષો લગાડવાના કાયક્રમને પણ સાંકળી લેવાશે.આ અંગે વનખાતાના અગ્રમુખ્ય વન સરંક્ષકશ્રી સાથે પ્રદેશ કક્ષાએ થી સંકલન કરી જીલ્લા/તાલુકા બેઠકોમાં પણ વન અધિકારીશ્રીઓને હાજર રાખી વનખાતાની યોજનાઓ–કાર્યપ્રવૃતિઓ અને નર્સરી મુલાકાત અને રોપા વિતરણ ની યોજના કાર્યરત છે.કયાંક સામુહિક વૃક્ષારોપણ શકય હોય ત્યા "બલરામ વન" પણ થશે.આમ તો પ્રત્યેક કિસાન દર વર્ષે પાંચ વૃક્ષ લગાવે અને તેનું જતન કરે તેવો સંકલ્પ છે પણ ચાલુ સાલ વિશિષ્ટ રીતે કિસાનો આ વૃક્ષારોપણ –સંવર્ધન અભિયાનમાં લાગે તેવી અપીલ કરવામાં આવી છે.

**ભવદીય,**
**સંયોજક**
**(બાબુભાઈ કે.પટેલ)**
**વૃક્ષારોપણ અભિયાન**